# જાણી લો, આવકવેરા ખાતાની ઈ-ડિસ્પ્યુટ રેઝોલ્યુશન સ્કીમ, ૨૦૨૨ના લાભ



**ટૅક્સ રામાયણ**

પરેશ કપાસી

નાના કરદાતાઓની કરવેરા સંબંધિત તકરારોના નિવારણ માટે સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટૅક્સિસે (સીબીડીટી) ઈ-ડિસ્પ્યુટ રેઝોલ્યુશન સ્કીમ, ૨૦૨૨ નોટિફાય કરી છે. પાંચમી તારીખે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. આ સ્કીમ જેમની કુલ આવક ૫૦ લાખ રૂપિયા સુધીની હોય અને કરવેરા સંબંધિત તકરારમાં ૧૦ લાખ રૂપિયા કરતાં વધુ રકમ સંકળાયેલી ન હોય એવા કિસ્સામાં લાગુ પડે છે. આ યોજના જેને લાગુ પડતી હોય એ કિસ્સામાં કરદાતાએ વ્યક્તિગત રીતે કે પછી અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવેરાના અધિકારીઓ સમક્ષ હાજર થવાની જરૂર પડતી નથી. કિસ્સાને લગતો સંપૂર્ણ પત્રવ્યવહાર ઇલેક્ટ્રોનિક સ્વરૂપે હોય છે.

કેસ માટેની તકરાર નિવારણ સમિતિ (ડિસ્પ્યુટ રેઝોલ્યુશન કમિટી - ડીઆરસી)માં ત્રણ સભ્યો હશે, જેમાંથી બે સભ્યો ભારતીય મહેસૂલ સેવાના નિવૃત્ત અધિકારીઓ અને એક સભ્ય ઓછામાં ઓછા પ્રિન્સિપલ કમિશનરના હોદ્દા સુધીનો અધિકારી હશે. ભારતીય મહેસૂલ સેવાના જે અધિકારીઓ હશે તેમણે પાંચ વર્ષ કે એનાથી વધુ સમય સુધી આવકવેરાના કમિશનરનો હોદ્દો સંભાળેલો હોવો જોઈએ એવી શરત રાખવામાં આવી છે. કમિટીના સભ્યોની મુદત ત્રણ વર્ષની હશે.

## સ્કીમનો લાભ કેવી રીતે લેવો?

સ્કીમ જેમને લાગુ પડતી હોય એ કરદાતા ડીઆરસીને મામૂલી ફી ચૂકવીને ઇલેક્ટ્રોનિક અરજી કરી શકે છે. અરજી કરવા માટે ફોર્મ ૩૪બીસીનો ઉપયોગ કરવાનો હોય છે. એ ફોર્મ ડીઆરસીના સત્તાવાર ઈ-મેઇલ આઇડી પર મોકલવાનું હોય છે. જે કિસ્સામાં કમિશનર (અપીલ્સ) સમક્ષ અગાઉ ફાઇલ કરાયેલી અપીલ અનિર્ણીત હોય અથવા તો કરદાતાને અન્ય કેસમાં જે તારીખે ઑર્ડર આપવામાં આવ્યો હોય એ તારીખથી એક મહિનાની અંદર આ અરજી કરવાની હોય છે.

## ડીઆરસી દ્વારા ચકાસણી

જો કમિટી એવા નિર્ણય પર પહોંચે કે તકરાર નિવારણ માટેની અરજી ફગાવી દેવી જોઈએ, તો તેમણે કરદાતાને કારણદર્શક નોટિસ મોકલીને પુછાવવાનું રહેશે કે તેમની અરજી શું કામ ફગાવી દેવાવી જોઈએ નહીં. એ નોટિસનો જવાબ આપવા માટેની તારીખની અને સમયની જાણ કરદાતાને કરવી જરૂરી છે.

અરજીનો સ્વીકાર કરવો જોઈએ કે ફગાવી દેવી જોઈએ એ સંબંધના કમિટીના નિર્ણયની જાણ કરદાતાને તેમના રજિસ્ટર્ડ ઈ-મેઇલ ઍડ્રેસ પર કરવાની હોય છે. અરજીનો સ્વીકાર કરવામાં આવે ત્યારે કરદાતાએ એ માટેનો સંદેશ તેમને મળ્યો હોય એ દિવસથી ૩૦ દિવસની અંદર કમિશનર ઑફ ઇન્કમ ટૅક્સ (અપીલ્સ)માં કરાયેલી અપીલ અથવા તો ડીઆરસીમાં કરાયેલી અરજી પાછી ખેંચાઈ હોવાનો પુરાવો સુપરત કરવાનો હોય છે. જો તેઓ આ પુરાવો રજૂ કરે નહીં તો તેમની અરજીનો અસ્વીકાર થઈ શકે છે.

ડીઆરસીને દંડ માફ કરવાની અથવા તો કાયદા હેઠળ દંડાત્મક કાર્યવાહીમાંથી માફી આપવા વિશેનો નિર્ણય લેવાનો અધિકાર રહેશે. જોકે એ માટે કેટલીક શરતો રાખવામાં આવી છે.

ઑલ્ટરનેટિવ ડિસ્પ્યુટ રેઝોલ્યુશન ફોરમ નાના કરદાતાઓને પ્રારંભિક સ્તરે તેમની કરવેરા સંબંધિત બાબતોની પતાવટ કરવા માટે અને આકરી અપીલીય પ્રક્રિયામાંથી પસાર નહીં થવા માટેની તક આપશે. આ સ્કીમ કમિટીને અરજીની પતાવટ માટે છ મહિનાનો નિશ્ચિત સમય આપે છે એને લીધે કરવેરા સંબંધિત તકરારોની ઝડપી પતાવટ થઈ શકે છે. આ પરિબળોને લીધે કરવેરાના સત્તાવાળાઓ પરનો કરવેરા સંબંધિત ખટલાઓનો બોજ અને ન્યાયાલયો પરનો બોજ નોંધનીય રીતે ઘટી જવાની શક્યતા છે. પરિણામે, કરદાતા તથા સત્તાવાળાઓનો કાનૂની કાર્યવાહીનો ખર્ચ ઘટશે અને સમય બગડતો બચી જશે.

પતાવટની આ યોજનાને લીધે કરવેરાની આવક વધવાની પણ શક્યતા છે. સામાન્ય સંજોગોમાં આ રકમ ખટલાઓમાં અટવાયેલી રહે છે. નાણાં મંત્રાલયે ગત પાંચમી એપ્રિલે રાજ્યસભાને જણાવ્યા મુજબ ૧ એપ્રિલના રોજ કુલ ૮.૪૦ ટ્રિલ્યન રૂપિયાની કરવેરાની ડિમાન્ડ અટવાયેલી છે.

## બિનરહીશ ભારતીય કરદાતાઓને લાભ

આ સ્કીમથી બિનરહીશ ભારતીય કરદાતાઓને પણ લાભ થઈ શકે છે. સામાન્ય સંજોગોમાં આ કરદાતાઓએ કરવેરાના સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરવા માટે પોતાના પ્રતિનિધિ તરીકે ટૅક્સ કન્સલ્ટન્ટ્સને મોકલવા પડે છે, હવે બિનરહીશ ભારતીયો ઇલેક્ટ્રોનિક રીતે તકરાર નિવારણ માટે પ્રયાસ કરી શકશે.



લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.